(101) ગુજરાતનું એક રેડિયો સ્ટેશન 1,368 KHZ (Kilohertz)ની આવૃત્તિ પર પ્રસારણ કરે છે... તો ટ્રાન્સમીટર દ્વારા ઉત્સર્જીત વિદ્યુત ચુંબકીય વિકિરણની તરંગ લંબાઈ ગણો. (પ્રકાશનો વેગ = $3.8 \times 10^8\ ms^{-1}$)

(A) 21.92 m
(B) 219.2 m
(C) 219.3 m
(D) 2192 m


(102) ધાતુ Yના ક્ષારનું જલીય દ્રાવણ ધાતુ Xના પાત્રોમાં ભરી શકાય છે અને ધાતુ Yના પાત્રમાં ધાતું Zના ક્ષારનું દ્રાવણ ભરી શકાય છે તો Z, Y અને Z નો રીડક્શનકર્તા તરીકેની પ્રબળતાનો આપેલમાંથી સાચો ક્રમ કયો છે ?

(A) X > Z > Y
(B) X > Y > Z
(C) Z > X > Y
(D) Z > Y > X

(103) $SnO_2 \rightarrow SnO, \Delta G_{298} > O.\ PbO_2 \rightarrow PbO, \Delta G_{298} < O$ તો Sn અને Pb ની ઓક્સીડેશન અવસ્થા જણાવો.

(A) $Sn^{4+}, Pb^{2+}$
(B) $Sn^{2+}, Pb^{4+}$
(C) $Sn^{4+}, Pb^{4+}$
(D) $Sn^{2+}, Pb^{2+}$

(104) નીચેનાં સંયોજનનું IUPAC નામ શું થાય ?




(A) ટ્રાન્સ 4-આયોડો, 3-ક્લોરો, 3-પેન્ટેન
(B) સિસ 2-આયોડો, 3-ક્લોરો, 2-પેન્ટેન
(C) સિસ 3-આયોડો, 4-ક્લોરો, 3-પેન્ટેન
(D) ટ્રાન્સ 2-આયોડો, 3-ક્લોરો, 2-પેન્ટેન

(105) આપેલમાંથી કઈ કક્ષક માટે xy સપાટીમાં ઇલેક્ટ્રોન મળવાની સંભાવના "0" હોય છે ?

(A) 3dxy
(B) 2Pz
(C) 2Px
(D) 2Py

(106) નીચેની કઈ સંજ્ઞા વડે ગૌણકક્ષામાં રહેલા મહત્તમ ઇલેક્ટ્રોનની સંખ્યા ગણી શકાય ?

(A) 4L + 2
(B) 2L + 2
(C) 4L − 2
(D) $2n^2$

(107) કઈ પ્રક્રિયામાં એન્ટ્રોપી ફેરફાર ધન થશે ?

(A) $MgO_{(s)} + H_{2(g)} \rightleftharpoons Mg_{(s)} + H_2O_{(l)}$
(B) $NH_4NO_{3(s)} \rightleftharpoons N_2O_{(g)} + 2H_2O_{(g)}$
(C) $H_{2(g)} + I_{2(g)} \rightleftharpoons 2HI_{(g)}$
(D) $HCl_{(g)} + NH_{3(g)} \rightleftharpoons NH_4Cl_{(s)}$

(121) જો પ્રક્રિયા $H_{2(g)} + \frac{1}{2}O_{2(g)} \rightarrow H_2O_{(g)}$ માટે $\Delta H_1$ અને પ્રક્રિયા $H_{2(g)} + \frac{1}{2}O_2 \rightarrow H_2O_{(l)}$ માટે $\Delta H_2$ હો
તેમના માટે કયો વિકલ્પ સાચો છે ?

(A) $\Delta H < \Delta H_2$
(B) $\Delta H_1 > \Delta H_2$
(C) $\Delta H_1 + \Delta H_2 = O$
(D) $\Delta H_1 = \Delta H_2$

(122) $CH_3(CH_2)_2 CoCl$ નું IUPAC નામ શું થાય ?

(A) આઈસો બ્યુટાઈલ ક્લોરાઈડ
(B) બ્યુટેનોઈલ ક્લોરાઈડ
(C) 1, - ક્લોરો બ્યુટેનોન
(D) પેન્ટેનોઈલ ક્લોરાઈડ

(123) એક પ્રણાલી દ્વારા 394 J કાર્ય 705 J ઉષ્મા શોષાય છે તો આંતરિક ઊર્જાનો ફેરફાર કેટલો થાય ?

(A) 1095 J
(B) -307 J
(C) 307 J
(D) -1095 J

(124) ઈથીલીન ગ્લાયકોલમાં આપેલમાંથી કયો બંધ જોવા મળે છે ?

(A) આંતઃ આણ્વિય હાઈડ્રોજન બંધ
(B) સવર્ગ સહસંયોજક બંધ
(C) આંતર આણ્વિય હાઈડ્રોજન બંધ
(D) આયોનિક બંધ

(125) આપેલામાંથી કયા ઘટકો સમાન બંધ ક્રમાંક ધરાવે છે ?

(A) $NO^+$, CO, $F_2$
(B) $Cl_2$, $N_2$, $NO^+$
(C) $NO^+$, CO, $N_2$
(D) $F_2$, $N_2$, CO

(126) નિર્બળ બેઈઝ અને તેના ક્લોરાઈડના ક્ષારની સમાન મોલર સાંદ્રતાએ બનતા બફર દ્રાવણની pH કેટલી થાય
(નિર્બળ બેઈઝ માટે $Kb = 2 \times 10^{-5}$ )

(A) 4.7
(B) 9.0
(C) 5
(D) 9.3

(127) $CaC_2 + 2H_2O \rightarrow X$

$$\xrightarrow[HgSO_4, 33k]{મંદ H_2SO_4/H_2O} Y$$

પ્રક્રિયામાં X = ................. અને Y = ................. થાય ?

(A) ઈથીન અને ઈથેનોલ
(B) ઈથીન અને ઈથેનાલ
(C) એસીટીલીન અને ઈથેનોલ
(D) એસીટીલીન અને ઈથેનાલ

(128) 4.5 $A^0$ તરંગ લંબાઈ ધરાવતા ફોટોનનું દળ ............. કિલોગ્રામ થાય ?

(A) $4.9 \times 10^{-33}$
(B) $4.9 \times 10^{-34}$
(C) $0.49 \times 10^{-33}$
(D) $4.9 \times 10^{-32}$

(129) $PF_5$માં સંકરણ અને અણુ આકાર માટે શું સાચું છે ?

(A) $SP^3d$ અને ત્રિકોણીય દ્વિપિરામીડલ

(B) $SP^3d$ અને સમચોરસ પિરામીડલ

(C) $SP^3d$ અને અષ્ટફલકીય

(D) $dSP^3$ અને ત્રિકોણીય દ્વિપિરામીડલ

(130) ઝિરકોનીયમ ફોસ્ફેટની દ્રાવ્યતા માટે શું સાચું છે ?

(A) $S = \sqrt[5]{\frac{KSP}{108}}$

(B) $S = \sqrt[5]{\frac{KSP}{256}}$

(C) $S = \sqrt[6]{\frac{KSP}{3125}}$

(D) $\sqrt[7]{\frac{KSP}{6912}}$

(131) આવર્ત કોષ્ટકના સમૂહમાં $1S^2\ 2S^2\ 2P^6\ 3S^2\ 3P^3$ ઇલેક્ટ્રોન રચના ધરાવતા તત્ત્વ પછી તરત જ આવતા તત્ત્વનો પરમાણુ ક્રમાંક કેટલો થાય ?

(A) 16

(B) 31

(C) 33

(D) 34

(132) આલ્કાઇનની યોગશિલ પ્રક્રિયામાં કઇ ધાતુનો ઉદ્દીપક તરીકે ઉપયોગ થતો નથી ?

(A) Ni (B) Mn (C) Pt (D) Pd

(133) સૌથી વધુ વિદ્યુત ઋણ ઊર્જા કઈ કક્ષામાં હોય છે ?

(A) n = 1 (B) n = 5 (C) n = 3 (D) n = 2

(134) કયા તત્ત્વ માટે કવાન્ટમ આંકના મૂલ્યો

n = 2

L = 1

m = -1

s = + 1/2 થશે ?

(A) C

(B) O

(C) N

(D) F

(135) પરમાણુ ક્રમાંક 1/4 ધરાવતા તત્ત્વની સંજ્ઞા શું થાય ?

(A) Unq (B) Uuq (C) Uut (D) Unt

(136) 72 ગ્રામ/મોલ આણ્વિયદળ ધરાવતા અચક્રિય સંતૃપ્ત હાઇડ્રોકાર્બનમાં સમઘટકોની સંખ્યા કેટલી ?

(A) 5 (B) 2 (C) 3 (D) 4

(137) $BF_3 + NH_3 \rightarrow BF_3 : NH_3$ પ્રક્રિયામાં $BF_3$ અને $NH_3$ અનુક્રમે ......... અને ......... તરીકે વર્તે છે ?

(A) લુઇઝ એસીડ અને લુઇઝ બેઇઝ
(B) લુઇઝ બેઇઝ અને લુઇઝ એસીડ
(C) સંયુગ્મી બેઇઝ અને લુઇઝ એસીડ
(D) સંયુગ્મી બેઇઝ અને સંયુગ્મી એસીડ

(138) ગિબ્સ મુક્ત ઊર્જા, એન્ટ્રોપી અને એન્થાલ્પી વચ્ચેનો સાચો સંબંધ કયો છે ?

(A) $\Delta G = \Delta H - T\Delta S$
(B) $G = H + TS$
(C) $\Delta G = \Delta H + T\Delta S$
(D) $G = H - TS$

(139) કઈ અવસ્થામાં નીપજ ઘણા ઓછા પ્રમાણમાં મળે ?

(A) $\Delta G^0 > O; -\frac{\Delta G^0}{RT}$ ધન
(B) $\Delta G^0 > O; -\frac{\Delta G^0}{RT}$ ઋણ
(C) $\Delta G^0 < O; -\frac{\Delta G^0}{RT}$ ઋણ
(D) $\Delta G^0 < O; -\frac{\Delta G^0}{RT}$ ધન

(140) ડાય ઑક્સિજન અણું, પેરોક્સાઇડ આયન, સુપર ઓક્સાઇડ આયન અને મોનો ધનભારિત ઑક્સિજન આયન માટે બંધની પ્રબળતાનો યોગ્ય સાચો ક્રમ કયો છે ?

(A) $O_2^+ > O_2 > O_2^- > O_2^{2-}$
(B) $O_2^+ > O_2^{2-} > O_2 > O_2^{1-}$
(C) $O_2^{2-} > O_2^{1-} > O_2^+ > O_2$
(D) $O_2^+ > O_2 > O_2^{2-} > O_2^{1-}$

(141) તૃતીયક બ્યુટાઈલ બ્રોમાઇડ $+ CH_3ONa \xrightarrow{-NaBr} y +$ મિથેનોલ પ્રક્રિયામાં Y= ............ થાય ?

(A)
```
       CH3
       |
CH3 – C – OH
       |
       CH3
```
(B)
```
CH3 – C  = C – OCH3
       |     |
       CH3   H
```
(C)
```
       CH3
       |
CH3 – C – OCH3
       |
       CH3
```
(D)
```
CH3 – C  – CH2
       |
       CH3
```

(142) નીચેના પૈકી કયું મિશ્રણ રાઉલ્ટના નિયમથી ઋણ વિચલન દર્શાવે છે ?

(A) એસિટોન + ક્લોરોફોર્મ
(B) પાણી + ઇથેનોલ
(C) કાર્બન ટેટ્રાક્લોરાઇડ + ક્લોરોફોર્મ
(D) એસિટોન + ઇથેનોલ

(150) પ્રક્રિયા $X + Y \rightarrow Z$, પ્રક્રિયાવેગ (X) પ્રક્રિયાની આણ્વિકતા અને પ્રક્રિયાને ક્રમ અનુક્રમે શું થશે ?

(A) 1, 1
(B) 1, 2
(C) 2, 1
(D) 2, 0

(151) જો પ્રક્રિયા $2X + Y \rightarrow Z$, શૂન્યક્રમની હોય તો પ્રક્રિયાવેગ સમીકરણ લખો.

(A) પ્રક્રિયાવેગ $= k(x)(y)$
(B) પ્રક્રિયાવેગ $= k$
(C) પ્રક્રિયાવેગ $= k(x)^0(y)$
(D) પ્રક્રિયાવેગ $= k(x)(y)^0$

(152) આંતરાલીય સંયોજનો માટે નીચેના પૈકી કયું વિધાન યોગ્ય નથી ?

(A) તેઓ તેમની શુદ્ધ ધાતુઓના ગલનબિંદુ કરતા ઊંચા ગલનબિંદુ ધરાવે છે.
(B) સંક્રાંતિ ધાતુઓના સ્ફટિક લેટિસમાં અંદરના ભાગમાં નાના કદના અધાતુ પરમાણુઓ ગોઠવાયેલા હોય છે.
(C) તેઓ ધાત્વીય વાહકતા જાળવી રાખે છે.
(D) તેઓ રાસાયણિક રીતે સક્રિય હોય છે.

(153) સંપર્કવિધિ દ્વારા $H_2SO_4$ના ઉત્પાદનમાં $SO_2$ માંથી $SO_3$ મેળવવા માટે કયો ઉદ્દિપક વપરાય છે ?

(A) $V_2O_5$
(B) $ZnO - Cr_2O_3$
(C) Ni
(D) Pt

(154) નીચેના પૈકી કયા ધાતુઆયનની ચુંબકીય ચાકમાત્રાનું મૂલ્ય શૂન્ય હશે ?

(A) $Sc^{2+}$
(B) $Cu^{2+}$
(C) $V^{4+}$
(D) $Ti^{4+}$

(155) નીચેના પૈકી કયા ધાતુ આયનોના રંગ વાદળી છે ?

(A) $V^{2+}, Cr^{3+}$
(B) $V^{4+}, Cr^{2+}$
(C) $V^{3+}, Cu^{2+}$
(D) $Mn^{3+}, Ti^{3+}$

(156) સુપ્રસિદ્ધ મિશ્રધાતુ નીચેના પૈકી કયું સંઘટન ધરાવે છે ?

(A) 95% લેન્થેનોઇડ ધાતુ, 5% આયર્ન અને અલ્પપ્રમાણમાં S, C, Ca, Al
(B) 95% એક્ટેનોઇડ ધાતુ, 5% આયર્ન અને અલ્પપ્રમાણમાં S, C, Ca, Al
(C) 5% લેન્થેનોઇડ ધાતુ, 95% આયર્ન અને અલ્પપ્રમાણમાં S, C, Ca, Al
(D) 95% સંક્રાંતિ ધાતુ, 5% આયર્ન અને અલ્પપ્રમાણમાં S, C, Ca, Al

(157) નીચેના પૈકી અયોગ્ય જોડી કઈ છે ?

(A) ઇન્સ્યુલિન - ઝિંક
(B) હિમોગ્લોબીન - આયર્ન
(C) ક્લોરોફિલ - ક્રોમિયમ
(D) વિટામિન $B_{12}$ - કોબાલ્ટ

(158) અષ્ટફલકીય સંકીર્ણમાં સ્ફટિક ક્ષેત્રમાં d - કક્ષકોના વિપાટનથી નીચેના પૈકી કઈ કક્ષકોની ઊર્જામાં વધારો થાય છે ?

(A) dxy, dyz

(B) $dx^2 - y^2$, $dz^2$

(C) dyz, dzx

(D) dxy, $dx^2 - y^2$

(159) નીચેના પૈકી કયું લિગેન્ડ કિલેટ સંકીર્ણ બનાવતું નથી ?

(A) એસિટેટ

(B) ઓક્ઝેલેટ

(C) ઇથિલિન ડાયએમાઇન

(D) પ્રોપિલિન ટ્રાયએમાઇન

(160) $[Co(NH_3)_6][Cr(CN)_6]$ અને $[Cr(NH_3)_6][Co(CN)_6]$ કયા પ્રકારની સમઘટકતા દર્શાવે છે ?

(A) આયનીકરણ સમઘટકતા

(B) બંધન સમઘટકતા

(C) સવર્ગ સમઘટકતા

(D) દ્રાવક મિશ્રણ સમઘટકતા

(161) નીચેના આલ્કોહોલની હેલોજન એસિડ સાથેની પ્રતિક્રિયાત્મકતાનો ક્રમ ............... છે.

(A) $CH_3-CH_2-CH_2-OH$

(B) $CH_3-CH_2-\underset{\displaystyle CH_3}{\underset{|}{CH}}-OH$

(C) $CH_3-CH_2-\overset{\displaystyle CH_3}{\overset{|}{\underset{\displaystyle CH_3}{\underset{|}{C}}}}-OH$

(A) A > B > C

(B) B > A > C

(C) C > B > A

(D) A > C > B

(162) પ્રાથમિક આલ્કાઇલ હેલાઇડ ............... પ્રક્રિયામાં જવાનું પસંદ કરે છે.

(A) $SN^1$ (B) 2 - વિલોપન (C) રેસિમિકરણ (D) $SN^2$

(163) નીચે પૈકી કયું આલ્કાઇલ હેલાઇડ સૌથી ઝડપી $SN^1$ પ્રક્રિયા આપશે ?

(A) $(CH_3)_3$ C - F

(B) $(CH_3)_3$ C - Cl

(C) $(CH_3)_3$ C - Br

(D) $(CH_3)_3$ C - I

(164) ઇથાઇલીડીન ક્લોરાઇડ ................. છે.

(A) વિસિનલ ડાયહેલાઇડ

(B) જેમીનલ ડાયહેલાઇડ

(C) એલાઇલિક હેલાઇડ

(D) વિનાઇલિક હેલાઇડ

(165) m - ક્રેસોલનું IUPAC નામ .................. છે.

(A) 3 - મિથાઇલ ફિનોલ

(B) 3 - ક્લોરોફિનોલ

(C) 3 - મિથોક્સિ ફિનોલ

(D) બેન્ઝિન - 1, 3 - ડાયોલ

(166) ફોર્માલ્ડિહાઇડની આલ્કાઇલ મેગ્નેશિયમ હેલાઇડ સાથે પ્રક્રિયા કરી જળવિભાજન કરવાથી કઈ નીપજ બનશે ?

(A) તૃતીયક આલ્કોહોલ

(B) આલ્કીન

(C) પ્રાથમિક આલ્કોહોલ

(D) દ્વિતીયક આલ્કોહોલ

(167) નીચેની પ્રક્રિયાની નીપજ જણાવો.

$$3CH_3CH = CH_2 \xrightarrow[(ii)H_2O, 3H_2O_2, OH^-]{(i)(BH_3)_2}$$

(A) પ્રોપેન - 1 - ઓલ

(B) આઇસોપ્રોપાઇલ આલ્કોહોલ

(C) બ્યુટેન - 2 - ઓલ

(D) ઇથેનોલ

(168) ફિનોલની કોલ્બે પ્રક્રિયા દ્વારા મળતી નીપજનું નામ જણાવો.


(A) બેન્ઝિન


(B) બેન્ઝોક્વિનોન

(C) સેલિસાલ્ડિહાઇડ

(D) 2 - હાઇડ્રોક્સિબેન્ઝોઇક એસિડ

(169) નીચેનામાંથી કયું સંયોજન કેનિઝારો પ્રક્રિયા આપતું નથી ?

(A) 


(B) 


(C) HCHO

(D) $CH_3CHO$

(170) એક્રોલિનનું IUPAC નામ જણાવો.

(A) પ્રોપેનાલ

(B) પ્રોપ - 2 - ઇનાલ

(C) પ્રોપેનોન

(D) પ્રોપેનોઇક એસિડ

(171) $CH_3CH(OCH_2CH_3)_2$ સંયોજન નીચેનામાંથી કયું છે ?

(A) એસિટાલ (B) હેમિએસિટાલ (C) કિટાલ (D) સેમિકાર્બેઝાઇડ

(172) નીચેનામાંથી કયો આલ્ડિહાઇડ ફેહલિંગ કસોટી આપતો નથી ?


(A) એસિટાલ્ડિહાઇડ

(B) બેન્ઝાલ્ડિહાઇડ

(C) ફોર્માલ્ડિહાઇડ

(D) પ્રોપિયોનાલ્ડિહાઇડ

(173) નીચેના સંયોજનોનો બેઝિક પ્રબળતાનો યોગ્ય ચઢતો ક્રમ કયો છે ?



(i) (ii) (iii)

(A) (ii) < (iii) < (i)
(B) (iii) < (i) < (ii)
(C) (iii) < (ii) < (i)
(D) (ii) < (i) < (iii)

(174) એસિડ એનહાઇડ્રાઇડની પ્રાથમિક એમાઇન સાથેની પ્રક્રિયાથી ............... મળે.

(A) એમાઇડ
(B) ઇમાઇડ
(C) $2^0$ એમાઇન
(D) ઇમાઇન

(175) પ્રાથમિક, દ્વિતીયક અને તૃતીયક એમાઇનના અલગીકરણ માટે હાલમાં કયું સંયોજન બેન્ઝિન સલ્ફોનાઇલ ક્લોરાઇડને બદલે વપરાય છે ?

(A) પેરા - ટોલ્યુઇન સલ્ફોનાઇલ ક્લોરાઇડ
(B) ઓર્થો - ટોલ્યુઇન સલ્ફોનાઇલ ક્લોરાઇડ
(C) ઓર્થો અને પેરા - ટોલ્યુઇન સલ્ફોનાઇલ ક્લોરાઈડ
(D) મેટા - ટોલ્યુઇન સલ્ફોનાઇલ ક્લોરાઇડ

(176) એમાઇડમાંથી એક ઓછા કાર્બનવાળો પ્રાથમિક એમાઇન કઈ પદ્ધતિ દ્વારા મળે છે ?

(A) ગેબ્રિયલ થ્લેલિમાઇડ સંશ્લેષણ
(B) એમોનોલિસીસ
(C) હોફમેન બ્રોમેમાઇડ વિઘટન પ્રક્રિયા
(D) રજતદર્પણ પ્રક્રિયા

(177) સુક્રોઝના એક અણુનું જળવિભાજન થતાં ................ મળે.

(A) ગ્લુકોઝના 2 અણુઓ
(B) ગ્લુકોઝના 2 અણુઓ + ફ્રુક્ટોઝનો 1 અણુ
(C) ગ્લુકોઝના 1 અણુ + ફ્રુક્ટોઝનો 1 અણુ
(D) ફ્રુક્ટોઝના 2 અણુ

(178) પ્રોટીનનું કયું બંધારણ β - પ્લીટેડશીટ આકારનું હોય છે ?

(A) પ્રાથમિક
(B) દ્વિતીયક
(C) તૃતીયક
(D) ચતુર્થક

(179) સ્નાયુઓમાં કયું પ્રોટીન આવેલું હોય છે ?

(A) કેરેટીન
(B) માયોસીન
(C) ઇન્સ્યુલિન
(D) આલ્બ્યુમિન

(180) પેઢાંમાંથી રૂધિર વહેવું રોગ નીચેનામાંથી કયા વિટામિનની ઊણપને લીધે થાય છે ?

(A) પિરિડોક્સિન
(B) રિબોફ્લેવિન
(C) થાયમીન
(D) એસ્કોર્બિક એસિડ

(181) વિદ્યાર્થી તમને પાઠ્યપુસ્તક સિવાયના સંદર્ભ પુસ્તકો મેળવાનું સરનામું પૂછે છે તો તમે નીચેના પૈકી કયો યોગ્ય વિકલ્પ જણાવશો ?

(A) ePathshala
(B) SWAYAM
(C) NDLI
(D) NCERT

(182) રેડોક્ષ અનુમાપન દરમ્યાન વિદ્યાર્થી નીચે મુજબની ક્રિયાઓ કરે છે, તમે રસાયણ વિજ્ઞાના શિક્ષક તરીકે તેને કઈ ક્રિયા માટે રોકશો ?

(A) 10 ml દ્રાવણ લેવા માટે 10 mlની ક્ષમતાવાળી પિપેટ પસંદ કરે છે.
(B) પિપેટથી દ્રાવણ લેવા માટે પિપેટ ફિલર બલ્બનો ઉપયોગ કરે છે.
(C) પિપેટમાં દ્રાવણને ભરેલુ રાખવા માટે તેના હાથની પ્રથમ આંગળીથી પિપેટનું મુખ બંધ રાખે છે.
(D) ફ્લાસ્કમાં પિપેટનું દ્રાવણ ખાલી કર્યા બાદ અંતમાં પિપેટમાં રહેલા દ્રાવણને ફ્લાસ્કમાં લેવા માટે ફૂંક મારે છે.

(183) રસાયણ વિજ્ઞાનની પ્રયોગશાળામાં કોઈ વિદ્યાર્થીના બુન્સેન બર્નરની જ્યોત પીળી આવે છે, તેને વાદળી જ્યોતમાં રૂપાંતરીત કરવા વિદ્યાર્થીને તમે શું યોગ્ય સૂચના આપશો.

(A) બર્નરમાં રહેલી હવા બારી ખુલ્લી રહે તેમ કરો.
(B) બર્નરમાં રહેલી હવા બારી બંધ રહે તેમ કરો.
(C) તમારા ટેબલ પર બર્નરના ગેસના પ્રવાહને નિયંત્રિત કરવાના કૉકને ધીમો કરો.
(D) પ્રયોગશાળામાં રહેલ ગૅસ લાઇનના મુખ્ય કૉકને ધીમો કરો.

(184) કિપના સાધન દ્વારા $H_2S$ વાયુ કેવી રીતે બનાવી શકાય તે બાબત વિદ્યાર્થીઓને શીખવવા માટે તમે નીચેના પૈકી કઈ યોગ્ય અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કરશો ? તમારા વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા 30 છે, કિપનું સાધન એક જ છે, વળી $H_2S$ બનાવવા માટે સાંદ્ર HCl કે $H_2SO_4$ વાપરવો અનિવાર્ય છે.

(A) પ્રયોગ પદ્ધતિ
(B) નિદર્શન પદ્ધતિ
(C) પ્રોજેક્ટ પદ્ધતિ
(D) નિરીક્ષિત અધ્યયન પદ્ધતિ

(185) અકાર્બનિક ક્ષારમાં રહેલા ધનાયનની પરખ માટે જ્યોત કસોટીના અધ્યાપન માટે તમે વિદ્યાર્થીઓને $CuSO_4$, $BaCl_2$ અને $CaCO_3$ ક્ષાર આપો છો. તેમને આપેલા ક્ષારના નામ જણાવી દો છો. તમે તેમને પ્રયોગશાળા માર્ગદર્શિકામાંથી પદ્ધતિ જોઈ દરેક વિદ્યાર્થીએ વ્યક્તિગત રીતે જ્યોત કસોટી કરી $Cu^{2+}$ વાદળી-લીલા રંગની, $Ba^{+2}$ લીલા સફરજનના રંગની અને $Cu^{2+}$ ઇંટ જેવા લાલ રંગની જ્યોત આપે છે, તેનો પ્રત્યક્ષ અનુભવ કરવા જણાવો છો. તમારી આ અધ્યાપન પદ્ધતિ કઈ ગણાશે ?

(A) મુક્ત પ્રયોગ પદ્ધતિ
(B) નિયંત્રિત પ્રયોગ પદ્ધતિ
(C) નિદર્શન પદ્ધતિ
(D) જૂથ ચર્ચા પદ્ધતિ

(186) રસાયણ વિજ્ઞાન શિક્ષક અકાર્બનિક ક્ષારના ગુણાત્મક પૃથક્કરણ અંગેના પ્રાયોગિક કાર્યના અધ્યાપન કરવા સંદર્ભે વિદ્યાર્થીઓ સમક્ષ ત્રણ લેબલ વગરના કેમિકલના ડબ્બા રજૂ કરી પૂછે છે કે આ ત્રણ ડબ્બામાં કયા કયા કેમિકલ રહેલા છે, તે તમે કેવી રીતે જાણશો ? અહીં શિક્ષકે વિજ્ઞાન શિક્ષણનો કયો અભિગમ અપનાવ્યો છે ?

(A) આગમન - નિગમન અભિગમ
(B) શોધ અભિગમ
(C) સમસ્યા ઉકેલ અભિગમ
(D) સંકેન્દ્રિય અભિગમ

(187) રસાયણ વિજ્ઞાન 'ઇથેનું કન્ફર્મેશન' વિષય મુદ્દો શીખવવા માટે વર્ગખંડમાં બૉલ અને સ્ટીક મૉડેલનો ઉપયોગ કરી ઇથેનના ઇક્લીપ્સ્ડ અને સ્ટેગર્ડ કન્ફર્મર બતાવે છે, તો આ શિક્ષકે કયા શિક્ષણસૂત્રનો ઉપયોગ કર્યો કહેવાય ?

(A) જ્ઞાત પરથી અજ્ઞાત પર જવું
(B) સરળ પરથી કઠિન પર જવું
(C) વિભાગ પરથી સંપૂર્ણ તરફ જવું
(D) મૂર્ત પરથી અમૂર્ત પર જવું

(188) રસાયણ વિજ્ઞાન શિક્ષકે વિદ્યાર્થીઓને $pOH = -\log(OH)$ અને $pH + pOH = 14$ સૂત્રોનો ઉપયોગ કરી NaOHના 0.1 M, 0.2 M, 0.3 M, 0.4 M વાળા દ્રાવણની pH શોધવા જણાવ્યું છે, તો આ શિક્ષકે વિજ્ઞાન શિક્ષણના કયા અભિગમનો ઉપયોગ કર્યો કહેવાય ?

(A) આગમન
(B) નિગમન
(C) શોધ
(D) સમસ્યા ઉકેલ

(189) રસાયણ વિજ્ઞાન શિક્ષક કાર્બનિક સંયોજનોના સંસ્પંદન સૂત્રો દોરતા શીખવ્યા પછી, વિદ્યાર્થી અન્ય કાર્બનિક સંયોજનોના સંસ્પંદન સૂત્રો જાતે દોરતા શીખે તે હેતુથી વર્ગખંડમાં પોતાની હાજરીમાં વિદ્યાર્થીઓ અન્ય 20 સંયોજનોના સંસ્પંદન સૂત્રો દોરે તેવો આગ્રહ રાખે છે. આ શિક્ષકે વિજ્ઞાન શિક્ષણની કઈ પદ્ધતિનો ઉપયોગ કર્યો કહેવાય ?

(A) નિદર્શન પદ્ધતિ
(B) સ્વાધ્યાય પદ્ધતિ
(C) જૂથ ચર્ચા પદ્ધતિ
(D) નિરીક્ષિત અધ્યયન પદ્ધતિ

(190) રસાયણ વિજ્ઞાન શિક્ષકે વિદ્યાર્થીઓને નીચે જણાવ્યા મુજબની કામગીરી સોંપી છે. "કાર્બનિક સંયોજનોના શુદ્ધિકરણની પદ્ધતિઓના સિદ્ધાંત, વિશિષ્ટતાઓ અને મર્યાદાઓની નોંધ તૈયાર કરો. જરૂર જણાય ત્યાં નામનિર્દેશનવાળી આકૃતિ દોરવી. આ કામગીરી તમારી અનુકૂળતા મુજબ એક અઠવાડિયામાં પૂર્ણ કરવાની રહેશે." શિક્ષકે કઈ અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કર્યો કહેવાશે ?

(A) સ્વાધ્યાય પદ્ધતિ
(B) નિદર્શન પદ્ધતિ
(C) નિરીક્ષિત અધ્યયન પદ્ધતિ
(D) જૂથ ચર્ચા પદ્ધતિ

(191) જો રસાયણવિજ્ઞાન શિક્ષક કાચની બોટલની મદદથી $H_2S$ વાયુ બનાવવાનું સાધન વિકસાવે છે તો તેને નીચેના પૈકી કયું સંશોધન ગણવામાં આવશે ?

(A) વ્યાવહારિક સંશોધન
(B) મૂળભૂત સંશોધન
(C) ક્રિયાત્મક સંશોધન
(D) માત્રાત્મક સંશોધન

(192) નીચેના પૈકીની કઇ ક્રિયા માઇક્રોટીચિંગનું સોપાન નથી ?

(A) પ્રતિપૃષ્ટિ
(B) પુનઃ શિક્ષણ
(C) પાઠ્યક્રમનું મૂલ્યાંકન
(D) પુનઃ આયોજન

